પરદેશ પાર્સલ સેવા
CHIPS Express
અટરીયા- ધ બિઝનેસ હબ, શોપ નં. B-32, 'KH-0', સરગાસણ ૪ રસ્તા, ગાંધીનગર. M. 9227706105
chipsgnd@gmail.com

પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૩) અંક નં. ૧૨૦ ૯ જુલાઈ, ૨૦૧૮, સોમવાર; નિજ. જેઠ વદ - ૧૧ પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## ન્યુઝ ટ્રેક

**કેલિફોર્નિયાના જંગલોમાં આગ, ૧૦૦૦ એકર બળીને ખાખ**

વેસ્ટ યુએસના જંગલોમાં લાગેલી આગના કારણે હજારો મકાનો બળીને ખાખ થઈ ગયા છે. હાલ ઘટનાસ્થળે મોટી સંખ્યામાં ફાયર ફાઈટર્સ આગ પર કાબૂ મેળવવાના પ્રયાસોમાં લાગેલા છે. સાઉથ કેલિફોર્નિયાના જંગલોમાં શુક્રવારથી આગ લાગી હતી.

**રાજસ્થાનમાં ૪.૩ની તીવ્રતાનો ભૂકંપ**

રાજસ્થાનના જયપુરમાં રવિવારે સવારે ૯.૪૩ વાગે ૪.૩ની તીવ્રતાના ભૂકંપના ઝટકાઓ અનુભવાયા. જોકે આ ભૂકંપમાં કોઈપણ પ્રકારની જાનમાલની હાનિના સમાચાર નથી.

**શ્રીલંકાની નૌસેના દ્વારા ભારતના ચાર માછીમારોની ધરપકડ**

શ્રીલંકાની નૌસેનાએ આજે ચાર ભારતીય માછીમારોની ધરપકડ કરી છે. શ્રીલંકાની નૌસેનાએ ભારતીય માછીમારોની ભારત અને શ્રીલંકાની વચ્ચે આંતરરાષ્ટ્રીય મેરીટાઈમ બોર્ડરમાં પ્રવેશ બાદ ધરપકડ કરી છે. આ ભારતીય માછીમારોને કાંકેસંતુરઈ પોર્ટ પર રાખવામાં આવ્યા છે.

**ઈ-કોમર્સ કંપનીઓ પર નજર રખાશે**

ઈ કોમર્સ કંપનીઓ જેવી કે એમેઝોન, ફ્લિપકાર્ટ અને મિંત્રા દ્વારા એફડીઆઈ અંતર્ગત કોઈપણ નિયમોનું ઉલ્લંઘન ન કરવામાં આવે તેનું ધ્યાન રાખવા માટે એક સ્પેશિઅલ વિંગ બનાવવાનો પ્રસ્તાવ છે.

# ભાજપ-જેડીયુ ગઠબંધન અકબંધ રહેશે

**જેડીયુની રાષ્ટ્રીય કારોબારીની બેઠકમાં મહત્વપૂર્ણ નિર્ણય કરાયો : બેઠકોની વહેંચણીને લઇને કોઇ સહમતિ નહીં થઇ હોવા છતાં બંને પાર્ટી એક સાથે લડવા ઇચ્છુક : એક દેશ એક ચૂંટણીના મુદ્દા ઉપર ચૂંટણી લડવા નિર્ણય**




નવીદિલ્હી, તા. ૮

બિહારમાં બેઠકોની વહેંચણીને લઈને ચાલી રહેલી ખેંચતાણનો આખરે અંત આવી ગયો છે. આજે નવી દિલ્હીમાં જેડીયુની રાષ્ટ્રીય કારોબારીની બેઠક મળી હતી. જેમાં મોટાભાગે ચિત્ર સ્પષ્ટ થઈ ગયું છે. સુત્રોએ માહિતી આપતા કહ્યું છે કે, ૨૦૧૯માં ભાજપની સાથે ગઠબંધન જારી રહેશે. જેડીયુએ આ જાહેરાત કરીને રાજકીય વર્તુળોમાં ચાલી રહેલી અટકળોનો અંત આણી દીધો છે. મતભેદો હજુ અકબંધ રહ્યા છે પરંતુ બંને પાર્ટી સાથે મળીને ચૂંટણી લડશે. ૨૦૧૯માં યોજાનારી ચૂંટણીને લઈને બેઠકોની વહેંચણીને લઈને હજુ સમજૂતિ સાધી શકાય નથી. પાર્ટી નેતાઓનું કહેવું છે કે, ૨૦૦૯ની ફોર્મ્યુલા ઉપર કોઈપણ પ્રકારની સહમતિ સધાઈ તેવી શક્યતા ઓછી છે પરંતુ પાર્ટીને સન્માનજનક સીટો આપવામાં આવશે. બેઠકમાં એક દેશ એક ચૂંટણીના મુદ્દા ઉપર ભાજપનું જેડીયુ સમર્થન કરશે. જેડીયુએ નાગરિક સુધારા બિલના મુદ્દા ઉપર સંસદની અંદર ભાજપનો વિરોધ

● અનુસંધાન પાન-૭ પર

## કટ્ટરપંથીના બંધ વચ્ચે હજારો અમરનાથ શ્રદ્ધાળુ ફસાયા છે

**જમ્મુ-શ્રીનગર હાઈવે પર ટ્રાફિક રોકવાની ફરજ : કટ્ટરપંથી દ્વારા બંધના એલાનને ધ્યાનમાં લઇ સાવચેતીના પગલા રૂપે યાત્રા રોકી દેવાઈ : વધુ એક યાત્રીનું મોત**



શ્રીનગર, તા. ૮

કાશ્મીરને સમગ્ર દેશ સાથે જોડતા જમ્મુ-શ્રીનગર રાષ્ટ્રીય રાજમાર્ગ ઉપર ટ્રાફિકને રોકી દેવામાં આવતા હજારોની સંખ્યામાં અમરનાથ શ્રદ્ધાળુઓ અટવાઈ પડ્યા છે. અમરનાથ શ્રદ્ધાળુઓમાં મોટી સંખ્યામાં મહિલાઓ પણ રહેલી છે. જુદી જુદી બસમાં આ તમામ મહિલા શ્રદ્ધાળુઓ છે. જમ્મુ ક્ષેત્રમાં સિમાંત જિલ્લાઓ પૂંચ અને રાજૌરીને દક્ષિણ કાશ્મીરના સોપિયન જિલ્લાથી જોડનાર મુગલ રોડ ઉપર અધિકારીઓએ આજે સાવચેતીના પગલારુપે ટ્રાફિક રોકી દેવાનો નિર્ણય કર્યો હતો. હિઝબુલ મુઝાહિદ્દીનના ત્રાસવાદી બુરહાનવાનીની બીજી વરસી ઉપર કટ્ટરપંથીઓએ આજે બંધનું એલાન આપ્યું હતું જેના પરિણામ સ્વરુપે પોલીસ મહાનિર્દેશક એસપી વૈદ્ય દ્વારા અમરનાથ યાત્રાને એક દિવસ માટે બંધ રાખવાનો નિર્ણય ગઈકાલે જ લઈ લીધો હતો. કોઈપણ યાત્રીને ભગવતીનગર

● અનુસંધાન પાન-૭ પર

# મુંબઈમાં ધોધમાર વરસાદ યથાવત



મુંબઈ, તા. ૮

દેશના વાણિજ્ય પાટનગર ગણાતા મુંબઈમાં ધોધમાર રહી છે. કારણ કે, આગામી પાંચ દિવસ દરમિયાન અતિભારે વરસાદની ચેતવણી તંત્ર દ્વારા જારી ઉપરાંત મહારાષ્ટ્રના અન્ય ભાગોમાં પણ ભારે વરસાદ થઈ રહ્યો છે. વેસ્ટર્ન એક્સપ્રેસ હાઈવે

**અનેક વિસ્તારમાં જળબંબાકારની સ્થિતિ સર્જાતા હાલાકી**
**આગામી પાંચ દિવસ દરમિયાન ભારે વરસાદની ચેતવણી**

વરસાદનો દોર આજે પણ જારી રહ્યો હતો. બીજી બાજુ મુંબઈમાં રહેતા લોકોને હાલપુરતી રાહત મળે તેવી શક્યતા ઓછી દેખાઈ કરવામાં આવી છે. આજે ભારે વરસાદના કારણે અનેક જગ્યાઓએ જળબંબાકારની સ્થિતિ સર્જાઈ ગઈ હતી. મુંબઈ અને અન્ય જગ્યા પર લોકો અટવાયા હતા. જો કે, આજે રવિવાર હોવાના કારણે નોકરીમાં

● અનુસંધાન પાન-૭ પર

## એક સાથે ચૂંટણી યોજવા સપા-ટીઆરએસ સંમત

**તૃણમુલ કોંગ્રેસ અને ડીએમકે દ્વારા વાંધો ઉઠાવાયો : કેન્દ્રીય કાયદા પંચની બે દિવસની બેઠક રાષ્ટ્રીય પાટનગર દિલ્હીમાં શરૂ થઇ : વિવિધ પાર્ટીઓ વતી રજૂઆત કરાઇ**

નવીદિલ્હી, તા. ૮

દેશમાં એક સાથે લોકસભા અને વિધાનભાની ચૂંટણી કરાવવાને લઈને ભારતીય જનતા પાર્ટીને સમાજવાદી પાર્ટી અને ટીઆરએસનો સાથ મળી ગયો છે. સમાજવાદી પાર્ટીના નેતા રામગોપાલ યાદવે આના પર સહમતિ દર્શાવી છે. બીજી બાજુ તેલંગાણા રાષ્ટ્રીય સમિતિ દ્વારા પણ આ મુદ્દે સહમતિ દર્શાવી છે. પાર્ટીના ચેરમેન કે ચંદ્રશેખર રાવે કેન્દ્રીય કાયદા પંચને પત્ર લખીને કહ્યું છે કે, અમે એક સાથે ચૂંટણીને લઈને મક્કમ છીએ. સાથ આપવાની પણ ખાતરી આપવામાં આવી છે. કેન્દ્રીય કાયદા પંચે બે દિવસની બેઠકનું આયોજન કર્યું છે જેમાં તમામ રાષ્ટ્રીય અને રાજ્યોની માન્યતાપ્રાપ્ત પાર્ટીઓના પ્રતિનિધિઓને બોલાવવામાં આવ્યા છે આમાથી એક સાથે ચૂંટણી લઈ સહમતિ દર્શાવવાના પ્રયાસ થઈ રહ્યા છે. આજે કેન્દ્રીય કાયદા પંચમાં સમાજવાદી પાર્ટીની રજૂઆત કરતા રામગોપાલ યાદવે કહ્યું હતું કે, સમાજવાદી પાર્ટી એક

● અનુસંધાન પાન-૭ પર



સ્ટેચ્યુ ઓફ યુનિટી - નર્મદા બંધની નજીક કેવડીયા ખાતે વિશ્વની સૌથી મોટી પ્રતિમા સ્ટેચ્યુ ઓફ યુનિટીનું નિર્માણ કાર્ય પૂરજોશમાં ચાલી રહ્યું છે... સરદાર પટેલ જન્મજયંતિ અર્થાત ૩૧મી ઓક્ટોબર ૨૦૧૮ના રોજ સેંકડો મહાનુભાવોની ઉપસ્થિતિમાં સરદાર પટેલની વિશ્વવિક્રમી પ્રતિમા 'સ્ટેચ્યુ ઓફ યુનિટી' ખુલ્લી મુકાશે... કામગીરીની સમીક્ષા માટે કેવડીયા પહોંચેલા મુખ્યુમંત્રી વિજય રૂપાણી અને મુખ્ય સચિવ ડૉ. જે. એન. સિંઘે નર્મદા નિગમના ચેરમેન એસ. એસ. રાઠૌરે વિગતવાર માહિતી આપી હતી...

## પોલીસ એકેડેમીમાં ૧૨૨ આઈપીએસ અધિકારીઓમાંથી ૧૧૯ નાપાસ

**માત્ર ત્રણ જ આઈપીએસ અધિકારી પાસ થયા...!!**

હૈદરાબાદ, તા.૮

હૈદરાબાદમાં ઈન્ડિયન પોલીસ સર્વિસમાં પસંદગી પામ્યા બાદ સેવા આપવા માટે જરૂરી પરીક્ષા આપવા પહોંચેલા ૧૨૨માંથી ૧૧૯ ટ્રેની અધિકારીઓ નાપાસ થયા છે. હૈદરાબાદની સરદાર વલ્લભભાઈ પટેલ નેશનલ પોલીસ એકેડમીમાંથી ગ્રેજ્યુએશન દરમિયાન આ ભાવિ અધિકારીઓ માટે આ પરીક્ષામાં પાસ થવું જરૂરી છે.

આ ટ્રેની અધિકારીઓને પાસ થવા માટેની વધુ ત્રણ તક આપવામાં આવશે. પરંતુ આ પરિણામો સૌ કોઈને ચોંકાવનારા છે. જો કે નાપાસ થયા બાદ પણ હાલ આ ટ્રેની પોલીસ અધિકારીઓને ગ્રેજ્યુએટ ઘોષિત કરવામાં આવ્યા છે અને અલગ-અલગ કાડરોમાં પ્રોબેશનર બનાવવામાં આવ્યા છે. પરંતુ ત્રણ પ્રયાસોમાં દરેક વિષયમાં પાસ નહીં થવાની સ્થિતિમાં તેમને ઈન્ડિયન પોલીસ સર્વિસમાંથી બહાર કરી શકાશે.

મહત્વપૂર્ણ છે કે ૨૦૧૬માં માત્ર બે આઈપીએસ અધિકારી એકેડમીમાંથી પાસ થઈ શક્યા ન હતા. આ વર્ષે વિદેશી પોલીસ ફોર્સની સાથે મળીને કુલ ૧૩૬ આઈપીએસ અધિકારીઓમાંથી ૧૩૩ ટ્રેની અધિકારીઓ એક અથવા તેનાથી વધુ વિષયોમાં નાપાસ થયા છે. જેમાં ઈન્ડિયન

## ગુફામાં ફસાયેલા ૧૨ બાળકોને બહાર કાઢવા ૧૮ ડાઈવર્સ રવાના



ROYAL THAI NAVY/HANDOUT/EPA

બેંગકોક, તા.૮

થાઈલેન્ડની ગુફામાં ફસાયેલા ૧૨ બાળકો અને તેમની ફૂટબૉલ કોચને બહાર કાઢવા માટે સૌથી મોટું ઓપરેશન શરૂ કરી દીધું છે. ૧૩ ઈન્ટરનેશનલ અને ૫ થાઈ નેવી સીલના મરજીવા ગુફામાં મોકલવામાં આવ્યા છે. એક બાળક બે મરજીવાની સાથે બહાર આવશે. પહેલા બાળકને બહાર આવવામાં ૧૧ કલાકનો સમય લાગી શકે છે. તમામ બાળકો એક સાથે બહાર આવી શકે તેમ નથી. ઓપરેશન ૨થી ૪ દિવસ સુધી ચાલશે.

શનિવારે ગુફામાં પાણી સૌથી ઓછા સ્તરે પહોંચી ગયું હતું. ત્યારબાદ અધિકારીઓએ આ નિર્ણય લીધો હતો. બાળકોને બહાર કાઢવા માટે આ સૌથી યોગ્ય સમય છે. અધિકારીઓએ કહ્યું કે, ગુફાની અંદરના ભાગોમાં હવે ચાલી શકાય છે. મોટર પંપ મારફતે ગુફાથી હજારો લીટર પાણી બહાર કાઢવામાં આવ્યું હતું.

અગાઉ એક અધિકારીએ જણાવ્યું કે, થાઈલેન્ડના મરજીવા આ મિશનનું નેતૃત્વ કરશે અને વિદેશી મરજીવા ઓક્સિજન ટેંક લગાવીને અંદર જશે. બચાવ દળમાં ઓસ્ટ્રેલિયા, બ્રિટેન, યૂરોપ અને એશિયાના અન્ય ભાગોમાંથી મરજીવાની ટૂકડીઓ બોલાવવામાં આવી છે.

થાઈલેન્ડની નૌસેના સીલના પ્રમુખ રિયર એડમિરલ એફાકોર્ન યૂ કોંગકેઉએ કહ્યું હતું કે, ગુફામાં ઓક્સિજનનું સ્તર ૧૫ ટકા સુધી

● અનુસંધાન પાન-૭ પર

## પૂર્વ કેન્દ્રીય પી. ચિદમ્બરમના ઘરે તસ્કરોનો હાથફેરો

ન્યુ દિલ્હી, તા.૮

પૂર્વ કેન્દ્રિય મંત્રી પી. ચિદંબરમના ઘરે ચોરીની ઘટના બની છે. ચોરી ચિદંબરમના તમિલનાડુ સ્થિત નુંગમબક્કમ ઘરે થઈ છે. તેમના ઘરમાંથી ડાયમંડ જ્વેલરી અને ૧ લાખ ૧૦ હજાર રૂપિયા ગુમ થયા છે. તેમની ફરિયાદ નુંગમબક્કમ પોલીસ સ્ટેશનમાં નોંધવામાં આવી છે.

તમને જણાવી દઈએ કે, ચિદંબરમ અને તેમના પરિવાર માટે સમય ખરાબ ચાલી રહ્યો છે. એક બાજુ ચિદંબરમનું નામૈં દ્રઠ મીડિયા કેસમાં ચાલી રહ્યું છે તો બીજી બાજુ તેમના એક સંબંધીના ઘરે તેની હત્યા કરી દેવામાં આવી હતી.

હાલમાં ચિદંબરમના એક સંબંધીનું અપહરણ કરી તેની હત્યા કરી દેવામાં આવી હતી. ૪૭ વર્ષીય શિવમૂર્તિ વ્યવસાયે ગારમેન્ટ એક્સપોર્ટર હતા. તે ૨૪ જૂને અચાનક ગુમ થયા હતા, ત્યારબાદ ૨૫ જૂને તેમના પરિવારે તિરૂપુર પોલીસ સ્ટેશનમાં ગુમ થયાનો રિપોર્ટ દાખલ કર્યો હતો.

પોલીસના મતે, શિવમૂર્તિનું ત્રણ લોકોની એક ગેંગે અપહરણ કર્યું અને ત્યારબાદ તેની હત્યા કરી દેવામાં આવી હતી. પોલીસના મતે, આરોપીઓની હત્યા બાદ શિવમૂર્તિના મૃતદેહને હોસુરની પાસે આવેલા એક સ્થાને દફનાવવામાં આવ્યા હતા. પોલીસને શિવમૂર્તિની લગ્ઝરી કાર વેલોર હાઈવેની પાસે બિનવારસી હાલતમાં મળી હતી. આ કારની જાણ તેમાં લાગેલા જીપીઆરએસ મારફતે લાગી હતી.

## કોર્ટનો અત્યાર સુધીનો સૌથી ઝડપી ચૂકાદો, દોષીને માત્ર ૧૧ દિવસમાં આજીવન કેદ

**૭૫ વર્ષના વ્યક્તિએ પત્નીની નિર્દયતાથી હત્યા કરી હતી**

બેંગ્લુરુ, તા.૮

કર્ણાટકમાં ચિત્રદુર્ગની જીલ્લા કોર્ટે એક મામલામાં માત્ર ૧૧ દિસમાં જ નિર્ણય સંભળાવી ઈતિહાસ રચ્યો છે. ચિત્રદુર્ગ જીલ્લાના ચલ્લાકેરમાં ૭૫ વર્ષના એક વ્યક્તિએ ૬૫ વર્ષની પોતાની પત્નીની નિર્દયતાથી હત્યા કરી હતી. દોષી ચેન્નાબસૈયાને કોર્ટે આજીવન કેદની સજા ફટકારી છે.

મળતી માહિતી મુજબ, ચેન્નાબસૈયાને પોતાની પત્ની પર શક હતો કે તેના અન્ય વ્યક્તિ સાથે અવૈધ સંબંધ છે. આ કારણોસર તેણે ઘરમાં તમામ લોકો માટે આવવા-જવા પર મનાઈ ફરમાવી દીધી હતી. ૨૬ જૂનના રોજ સાંજે જ્યારે તે ઘર પર ન હતા, તો તેમના કેટલાક સંબંધી ઘરે આવ્યા. જ્યારે તેને આ વાતની ખબર પડી તો તે ગુસ્સે થઈ ગયો. સૂત્રોના જણાવ્યા અનુસાર, ત્યારબાદ ૨૭ જૂને ફરી આ બાબતે પત્ની સાથેના ઝગડામાં તેણે પોતાની પત્ની પુતમ્માની હત્યા કરી દીધી.

પડોસીઓએ ઘરમાં પડતી બુમો સાંભળી પોલીસને સૂચના આપી. શરૂમાં ચેનમ્માની હત્યા બાબતે તે ના પાડતો રહ્યો, પરંતુ બાદમાં જ્યારે પોલીસ તપાસ થઈ તો તેણે બધુ જ કબુલી લીધુ. ૨૯ જૂને આ મામલામાં ચાર્જશિટ ફાઈલ કરવામાં આવી. પોલીસની સાથે-સાથે અન્ય એજન્સિઓએ પણ આ કેસને ઉકેલવા માટે ઘણી મદદ કરી. કર્ણાટકની ફોરેંસિક લેબે માત્ર એક દિવસમાં જ પોતાનો રિપોર્ટ કોર્ટને સોંપી દીધો, અને કોર્ટે ૭ જુલાઈએ દોશી ચેન્નાબસૈયાને આજીવન કેદની સજા સંભળાવી દીધી.

ભાડે/વેચાણથી આપવાના છે.
DOCTOR (Clinic/Hospital)/Insurance Co. લાયક જગ્યા ૧૬૦૦ ફુટ. પહેલો માળ, લીફ્ટ સાથે, Front Entry સે.૬ અપના બજાર પાસે
FACTORY (પ્લોટ ૯૦૦ મિ., ૪૦૦મિ.B-UP (Ready to Move) GIDC, Sec.25
BUNGALOW 330 મિ. 4BHK, Semi.Fur.,for Co. Guest House/Office, Sec.8
SALE FLAT 2 BHK, 105 yd., Swagat Rainforest-4, Sargasan
THE SPACE 93288 01440, 93287 01440

ગાંધીનગર
LED TV, LCD TV
રીપેરીંગ માટે ફોન કરો
સોમનાથ ઈલેક્ટ્રોનિક્સ
મો. ૯૭૧૪૧ ૯૮૩૬૬

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન-૨૩૨૨૨૫૭૧, ૨૩૨૩૭૫૭૧

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય